# શ્રી એમ.એફ. મંડલી, ઔધોગીક અદાલત, સુરત સમક્ષ,

**રીવીજન અરજી (આઈ. સી.) નં.૧/૨૦૨૨**
**આંક–૧૩**

(૧) વિશ્વા ટ્રેડીંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ
પ્લોટ નં.૭૪૧૪/૨, રોડ નં.૬૭,
જી.આઈ.ડી.સી., સચીન,
સુરત.
(૨) વિશ્વા ફેબ વેઈવ
પ્લોટ નં.૬૭૧૦, ૬૭૧૧, ૬૭૧૧/જી,
રોડ નં.૬૭, જી.આઈ.ડી.સી., સચીન,
સુરત. ... ... ... **અરજદાર**

**વિરુધ્ધ**

(૧) વસંત રામલોટન યાદવ
ઠે. ૯, સંજયનગર, લિંબાયત,
સુરત–૩૯૫૦૧૨.
(૨) વિશ્વા ફેશન પ્રા.લી.,
પ્લોટ નં.૬૭૦૯, રોડ નં.૬૭,
જી.આઈ.ડી.સી., સચીન,
સુરત. ... ... ... **સામાવાળા**

**પ્રતિનિધિત્વ :–**
**અરજદાર તરફે : વિ. વ. શ્રી એન.બી. શાહ.**
**સામાવાળા નં.૧ તરફે : પ્રતિનિધિ શ્રી રવિભાઈ ચૌધરી.**
**સામાવાળા નં.૨ તરફે : વિ.વ.શ્રી એચ.એમ. ગલીયાવાલા.**

**બાબત :– બી.આઈ.આર.એકટની કલમ ૮૫ હેઠળ રીવીજન અરજી**

**–: હુકમ :–**

**(૧) આ કામના સામાવાળા નં.૧ તરફથી મજુર અદાલત, સુરતમાં મુળ ટી. અરજી નં.૫૮૦/૧૩ કરેલ. જેમાં અમો અરજદારો અને સામાવાળા નં.૨ વિરુધ્ધ કરવામાં આવેલ. જેમાં સામાવાળા નં.૧ નાએ તેઓને છુટા કર્યા તારીખથી ચાલુ અને સળંગ નોકરી સહિત મુળ જગ્યાએ અરજદારો અને સામાવાળા નં.૨ને ત્યાં પુનઃસ્થાપિત કરે ત્યાંસુધીનો પુરેપુરો પગાર તથા હકકો અને લાભો સહિત ચુકવી**

આપવાની દાદ માંગેલ છે. જેમાં મુળ ટી. અરજીના સામાવાળા નં.ર નાએ તથા અમો અરજદારોએ અલગ અલગ જવાબ રજુ કરેલ છે. જે જવાબ તા.ર૮/૧ર/૧પ ના રોજ કરેલ ત્યારબાદ તા.ર૮/૯/૧૭ ના સોગંદનામા પર પુરાવા આપેલ છે. તે આશરે ૪ વર્ષ ૯ માસ બાદ પરવાનગી માંગ્યા વગર સામાવાળા નં.૧ એ તા.ર૦/૭/રર ના રોજ કેટલાક દસ્તાવેજો રજુ કરેલ તે દસ્તાવેજી લીસ્ટને આંક–૧૪ આપેલ છે અને અમો અરજદાર તા.૩/૮/રર ના રોજ આંક–૧પ થી દસ્તાવેજો રજુ કરવા દેવા પરવાનગી માંગતી અરજીની સુનાવણી બાદ તા.૩/૮/રર ના રોજ હુકમ કરી અરજી નામંજુર કરેલ છે. તે હુકમ ઉપર હાલની રીવીઝન કરેલ છે. જેથી તા.૩/૮/રર નો હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી નથી અને કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત નથી. અરજદારોએ રજુ કરેલ દસ્તાવેજોને ધ્યાને લીધા વિના કાયદાની જોગવાઈઓનું અર્થઘટન કરવામાં ભુલ કરેલ હુકમ છે. નામ. ઔદ્યોગિક અદાલતને સૌપ્રથમ જણાવવાનું કે સામાવાળા નં.૧ નાએ બી.આઈ.આર. એકટ ૧૯૪૬ ની કલમ–૭૮, ૭૯ મુજબ ટી. અરજી કરેલ છે અને નામ. લેબર કોર્ટની કાર્યવાહીને લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ લાગુ પડે છે અને મજકુર નિયમોના નિયમ–ર૯ મુજબ "કોઈપણ તબકકે અને પોતાને યોગ્ય લાગે તેવી કોઈપણ રીતે કોઈપણ પુરાવો સ્વીકારી શકશે, દાખલ કરી શકશે અથવા મંગાવી શકશે." જે નિયમની જોગવાઈને નજરઅંદાજ કરીને આ હુકમ ખોટો, ભુલભરેલ કરેલ છે. જેથી નામ. મેઘાલય હાઈકોર્ટના ર૦૧૯(૦) એ.આઈ.જે.–એમ.જી. ૮૯૦૦પ૭પ અને નામ. હિમાચલ પ્રદેશ હાઈકોર્ટનો ર૦૧૭ (૦) એ.આઈ.જે.–એચ.પી. ૭૧૯૩૯૮ ના ચુકાદાઓ અન્વયે સબસ્ટેન્શીયલ જસ્ટીસ માટે દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી આપવી જોઈએ. જે રીવીઝનના પાના નં.ર થી ૧૩ માં જણાવેલ કારણોસર પેરા–ર૦ (૧, ર) માં માંગેલ મુળ ટી. અરજી નં.પ૮૦/૧૩ ના કામે આંક–૧પ થી તા.૩/૮/રર ના રોજનો હુકમ સેટએસાઈડ કરવા અને દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી આપવા રીવીઝન મંજુર કરવા દાદ માંગેલ છે.

(ર) આંક–ર થી મનાઈ અરજી જે મુળ રીવીઝન અરજી નિર્ણિત થઈ જતી હોય અરજી ફાઈલે કરવા હુકમ કરેલ છે. આંક–૩ થી અરજદારો તરફે વકીલશ્રી

એન.બી. શાહનું વકીલપત્ર. આંક–૪ થી દસ્તાવેજી પુરાવા જેમાં નિશાની–૪/૧ થી ટી.અરજી નં.૫૮૦/૧૩ માં આંક–૧૫ થી તા.૩/૮/૨૨ ના હુકમની સર્ટીફાઈડ નકલ, નિશાની–૪/૨ થી લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ ના નિયમ–૨૯ ની નકલ, નિશાની–૪/૩ થી ટી. અરજી નં.૫૮૦/૧૩ માં સામાવાળા નં.૧ નાએ આંક–૧૪ થી રજુ કરેલ લીસ્ટની નકલ, નિશાની–૪/૪ થી ટી.અરજી નં.૫૮૦/૧૩ માં અરજદારોએ રજુ કરેલ લીસ્ટની નકલ, નિશાની–૪/૫ થી ટી.અરજી નં.૫૮૦/૧૩ માં આંક–૧૬ હેઠળ કરેલ હુકમની સર્ટીફાઈડ નકલ તથા નિશાની–૪/૬,૭,૮ થી ૩ ઓથોરીટીઓ રજુ કરેલ છે.

(૩) આંક–૫ થી મુળ ટી. અરજી નં.૫૮૦/૧૩ નું રેકર્ડ મંગાવવાની અરજી મંજુર કરી રેકર્ડ મંગાવેલ છે. આંક–૬ તથા ૭ ની પક્ષકારોની નોટીસો છે. આંક–૯ થી સામાવાળા નં.૧ તરફે પ્રતિનિધિશ્રી રવિભાઈ ચૌધરીનું અધિકારપત્ર. આંક–૧૦ થી સામાવાળા નં.૨ તરફે વકીલશ્રી એચ.એમ. ગલીયાવાલાનું વકીલપત્ર. આંક–૧૧ થી સામાવાળા નં.૨ નાએ હાલની રીવીઝનનો જવાબ આપવા માંગતા નથી અને રીવીઝન મંજુર થાય તે સામે અમને વાંધો નથી. જેથી રેકર્ડ કરેલ છે. આંક–૧૨ થી સામાવાળા નં.૧ નો જવાબ રજુ કરવા માંગતી પુરસીસ છે.

(૪) અરજદારના વકીલશ્રી એન.બી. શાહની દલીલ છે કે, અમો અરજદાર તથા સામાવાળા નં.૨ વિરુધ્ધ સામાવાળા નં.૧ નાએ ટી.અરજી નં.૫૮૦/૧૩ મજુર અદાલત સુરત સમક્ષ કરેલ છે. જે કામે પુરાવા ચાલુ છે તેમજ અમારી અગાઉ સામાવાળા નં.૧ નાએ આંક–૧૪ થી દસ્તાવેજી લીસ્ટથી પુરાવા રજુ કરેલ છે. તેને નામ. કોર્ટે પરવાનગી વગર રેકર્ડ ઉપર લીધેલ છે. જયારે અમો અરજદારોએ તા.૩/૮/૨૨ ના રોજ આંક–૧૫ થી દસ્તાવેજો રજુ કરવા દેવાની પરવાનગી માંગેલ જે પરવાનગી બાયપાર્ટી સુનાવણી કરી આંક–૧૫ ની અમારી અરજી રદ કરેલ છે. જે હુકમ કાયદેસર, વ્યાજબી અને ન્યાયી કરેલ નથી કે કાયદાની જોગવાઈઓ સુસંગત કરેલ નથી. જે હુકમ કરવામાં ભુલ કરેલ છે. એટલે કે લેબર કોર્ટની કાર્યવાહીને લેબર કોર્ટ (પધ્ધતિ અને કાર્યપધ્ધતિ) નિયમો ૧૯૪૭ લાગુ પડે છે જે નિયમોના નિયમ–૨૯ મુજબ ''કોઈપણ તબકકે અને પોતાને યોગ્ય લાગે તેવી કોઈપણ રીતે કોઈપણ પુરાવો સ્વીકારી શકશે, દાખલ કરી

શકશે અથવા મંગાવી શકશે." જે નિયમ મુજબ અમોને પણ જે કોઈ દસ્તાવેજો રજુ કરીએ તે રજુ કરવા ન્યાયીક રીતે પરવાનગી આપવી જોઈએ અને રેકર્ડ ઉપર દાખલ કરવી જોઈએ છતા આ કાયદાકીય જોગવાઈનો ભંગ કરી ભુલભરેલ હુકમ કરેલ છે. જેથી હાલની આ રીવીઝન મંજુર કરવા અને નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૨૦ (૦) ઓ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી.–૬૬૬૩૩ તેમજ અન્ય રજુ કરેલ ચુકાદાઓને ધ્યાને લઈ હાલની આ રીવીઝન મંજુર કરી ટી. અરજી નં.૫૮૦/૧૩ નો તા.૩/૮/૨૨ નો આંક–૧૫ ના કરેલ હુકમને સેટએસાઈડ કરવા અને દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી આપવા ન્યાયના હિતમાં હુકમ કરવા જણાવેલ છે.

(૫) સામાવાળા નં.૧ તરફે પ્રતિનિધિશ્રી રવિભાઈ ચૌધરીની દલીલ છે કે, નામ. મજુર અદાલત, સુરતનો આંક–૧૫ નો કરેલ હુકમ જે યોગ્ય અને કાયદેસરનો છે. ઘણાં લાંબા સમય બાદ હાલની રીવીઝનના અરજદારો કે જેઓ આ દસ્તાવેજો કામદારનો પુરાવો થઈ ગયા બાદ રજુ કરેલ છે અને જે અંગેની અમને બચાવની તક પુરતી ન મળે. જેથી યોગ્ય સમયે તેમણે પુરાવા રજુ કરવા જોઈતા હતા. માટે નામ. મજુર અદાલતનો આંક–૧૫ નો કરેલ હુકમ જે યોગ્ય અને કાયદેસરનો છે તેમાં કોઈ ફેરફાર કરવા પાત્ર કે તેનો હુકમ સેટએસાઈડ કરવા પાત્ર કોઈ હકીકતો નથી. જેથી સબબ રીવીઝન અરજી રદ કરવા જણાવેલ છે.

(૬) સામાવાળા નં.૨ તરફે વકીલશ્રી એચ.એમ. ગલીયાવાલાની દલીલ છે કે, અરજદારની હાલની આ રીવીઝન અરજી મંજુર કરવા સામે વાંધો નથી તેવું મૌખિક તથા લેખિતમાં પણ હાલની રીવીઝનના કામે જણાવેલ છે. જેથી સબબ રીવીઝન અરજી રદ કરવા જણાવેલ છે.

(૭) અરજીના ન્યાય નિર્ણય સારું નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

(૧) શું અરજદારે કરેલ રીવીઝન અરજીમાં ટી. અરજી નં.૫૮૦/૧૩ ના કામે તા.૩/૮/૨૨ ના લેબર કોર્ટ સુરત ધ્વારા આંક–૧૫ ના કરેલ દસ્તાવેજો રજુ કરવાની પરવાનગી અરજી પરનો હુકમ ગેરકાયદેસર, ક્ષતિયુકત, ભુલભરેલ હોય તેમાં હસ્તક્ષેપ કરવા પાત્ર કે હુકમમાં ફેરફાર કરવાને પાત્ર છે કે કેમ ?

(૨) શું હુકમ ?

**(૮) આ અદાલતના મંતવ્ય પ્રમાણે ઉપરોકત મુદ્દાના નિર્ણય નીચે મુજબ છે.**

**(૧) અંશતઃ હકારાત્મક**

**(ર) આખરી હુકમ મુજબ**

**–: કારણો :–**

**(૯) મુદ્દા નં.૧ :–**

**સબબ કામે હાલની આ રીવીઝન અંગે મજુર અદાલત, સુરતનું મુળ ટી. અરજી નં.૫૮૦/૧૩ નું રેકર્ડ મંગાવવામાં આવેલ છે અને તે રેકર્ડ જોતા અરજદાર તરફેની રજુઆત કે જે આંક–૧૪ થી સામાવાળા નં.૧ નાએ દસ્તાવેજી લીસ્ટ સાથે રજુ કરેલ છે. તે તા.ર૦/૭/રર ના રોજ મજુર અદાલત ધ્વારા રેકર્ડ કરવામાં આવેલ છે અને આ હકીકતે રોજકામ જોતા પણ સામાવાળા નં.૧ તરફે આ નિશાની–૧૪ ના લીસ્ટથી રજુ કરેલ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા સારું કોઈ પરવાનગી અરજી આપેલ નથી અને તે જ રીતે આંક–૮ થી સંબંધિત કામદારના સોગંદ ઉપરની જુબાની રેકર્ડ ઉપર રજુ થયેલ છે અને આંક–૯, ૧૦ અને ૧૧ ના લીસ્ટથી હાલની રીવીઝન કરનાર અરજદારનાએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આંક–૧ર થી સામા પક્ષે એટલે કે હાલની રીવીઝનના અરજદારો તરફે રાજીવ રમણલાલ શેઠનો આંક–૧ર થી સોગંદનામા પર પુરાવો છે. આમ એપેલન્ટ તરફે જે રજુઆત કરેલ છે કે સામાવાળા નં.૧ તરફે દસ્તાવેજો રજુ કરવા કોઈ પરવાનગી અરજી આપેલ નથી અને દાખલ કરેલ છે. પરંતુ રેકર્ડ ઉપરની સ્થિતિ જોતા સબબ રીવીઝનના અરજદારને પણ આ જ રીતે મજુર અદાલત સુરત ધ્વારા આંક–૯, ૧૦ અને ૧૧ ના લીસ્ટથી વગર પરવાનગી અરજીએ રેકર્ડ ઉપર દસ્તાવેજો દાખલ કરવામાં આવેલા છે અને રેકર્ડ પરની સ્થિતિ પ્રમાણે સામાન્ય રીતે જયારે સામાવાળા તરફથી જે પુરાવા સોગંદ ઉપર આંક–૧ર થી રજુ થયેલ છે તેને ધ્યાને લેતા જે પરવાનગી અરજી માંગેલ છે. તે મજુર અદાલત, સુરતની મુનસફી છે અને કેસની સ્થિતિ પ્રમાણે પરવાનગી અરજી પર નિર્ણય કરવામાં આવેલો છે અને આંક–૧૫ ની અરજીના પેરા–ર માં જે ઓપોર્ચ્યુનીટી અંગે હકીકત જણાવેલ છે તે મુજબ ઘણાં લાંબા સમય બાદ જયારે સામાપક્ષેથી કોઈ દસ્તાવેજો રજુ કરવામાં આવે તો જે તે કેસના અરજદારને આ દસ્તાવેજો બાબતે કોઈ તકરાર કે**

તેનો ખુલાસો કરવાની યોગ્ય તક મળી રહે નહી તે આશયથી આ કરેલ હુકમ જે અંશતઃ યોગ્ય જણાય છે. પરંતુ સાથે સાથે અરજદાર તરફે કરેલ દલીલ મુજબ તેઓને પણ પુરતી તક મળી રહે તે ધ્યાને લેતા તેમજ નિયમ–૨૯ પ્રમાણે દસ્તાવેજો રજુ કરી શકાય તે નિયમનો હાર્દ છે પરંતુ કોર્ટ કાર્યવાહીમાં દરેક કામના સ્ટેજીસ હોય છે. જેથી આ સ્ટેજીસમાં જો પક્ષકારોને જયારે દસ્તાવેજી પુરાવાનું સ્ટેજ આપેલ હોય ત્યારે બંને પક્ષકારોએ દરકાર લઈ દસ્તાવેજો રજુ કરી દેવા જોઈએ અને ત્યારબાદ જો કોઈ પક્ષકારોને પુરાવાઓ આવી ગયા બાદ સામાપક્ષ તરફથી આવા કોઈ પુરાવા રજુ કરવા માંગતા હોય તો પરવાનગી અરજી આપવી એ બંને પક્ષકારના ન્યાયના હિતમાં છે અને આવી પરવાનગી અરજી જે નામ. કોર્ટે નિર્ણિત કરવી જોઈએ અને આ નિર્ણિત કરતી વખતે ખરેખર બંને પક્ષકારોને પુરતી તક મળી રહે તેવી પણ કોર્ટે તકેદારી લેવાની હોય છે અને આ કામે આંક–૧૫ નો જે હુકમ કરેલ છે તે અંશતઃ ભુલભરેલ અને યોગ્ય, ન્યાયીક જણાતું નથી. જેથી સબબ હુકમ સેટએસાઈડ કરવો એ આ અદાલતને ન્યાયના હિતમાં ઉચિત જણાય છે. એટલે કે સબબ રીવીઝન જે અંશતઃ મંજુર કરવા ન્યાયોચિત માની અને આંક–૧૫ ની અરજી સંબંધે મુળ ટી. અરજીના અરજદારને સામાવાળા જે કોઈ પુરાવાઓ રજુ કરવા માંગે છે એટલે કે તે દસ્તાવેજી પુરાવા નામ. મજુર અદાલતના રેકર્ડ ઉપર લેવા પરવાનગી આપે અને આ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ બાબતે સંબંધિત ટી. અરજીના અરજદાર કામદારને પણ તેના ખંડન માટે અને તે દસ્તાવેજો માટે યોગ્ય પુરાવો કરવા અને જરૂર પડે સામાવાળાના મૌખિક પુરાવાઓમાં આ દસ્તાવેજી પુરાવાઓની ઉલટતપાસ કરવાની પણ સાથે સાથે પરવાનગી આપવા હાલની રીવીઝન અરજી અંશતઃ મંજુર કરવા પાત્ર ન્યાયોચિત માની ઉપરોકત તમામ ચર્ચાને અંતે સામાવાળા નં.૧ તરફે હાલની રીવીઝન રદ કરવા કરેલ દલીલો સાથે આ અદાલત સહમત થયેલ નથી અને સામાવાળા નં.૨ કે જેઓની રીવીઝન મંજુર કરવા સામે વાંધો નથી ત્યારે અરજદાર તરફે વકીલશ્રી એન.બી. શાહની રીવીઝન મંજુર કરવાની અંશતઃ દલીલો સાથે સહમત થતા સબબ મુદ્દા નં.૧ નો નિર્ણય અરજદારની તરફેણમાં" <u>**અંશતઃ હકારાત્મક**</u> " ઠરાવવામાં આવે છે અને મુદ્દા નં.૨ સંબંધે છેવટનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>અરજદાર તરફે ઓથોરીટીઓ :–</u>**

## (૧) ૨૦૨૦ (૦) એ.આઈ.જે.ઈ.એલ.–એસ.સી. ૬૬૬૩૩

**સુગંધી (મૈયત) વિ. પી. રાજકુમારના પ્રતિનિધિના પાવર ઓફ એજન્ટ ઈમામઓલીના** ચુકાદામાં સી.પી.સી. ઓર્ડર–૮, રૂલ–૧/એ(૩) વધારાના દસ્તાવેજો રજુ કરવા માટે કોર્ટની પરવાનગી અંગે કાયદાના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત સાથે આ અદાલત સહમત છે. પરંતુ ચુકાદામાંના કેસમાંની હકીકત અને હાલના હાથ ઉપરના કેસમાંની હકીકત સુસંગત જણાય છે. જેથી રીવીઝન મંજુર કરેલ દલીલને માનસહ હાલની આ ઓથોરીટી મદદરૂપ થાય છે.

## (૨) ૨૦૧૯ (૦) એ.આઈ.જે.–એમ.જી. ૮૯૦૦૫૭૫

**સ્ટેટ ઓફ મેઘાલયા વિ. આર્મસ્ટ્રોંગ શીઈમ**ના ચુકાદામાં સી.પી.સી. ઓર્ડર–૮, રૂલ–૧/એ(૩), ઓર્ડર–૭ રૂલ–૧૪(૩) તથા કલમ–૧૫૧, વધારાના દસ્તાવેજો રજુ કરવા માટે કોર્ટની પરવાનગી અને વિવેકાધિન સત્તા અંગે કાયદાના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત સાથે આ અદાલત સહમત છે. પરંતુ ચુકાદામાંના કેસમાંની હકીકત અને હાલના હાથ ઉપરના કેસમાંની હકીકત સુસંગત જણાય છે. જેથી રીવીઝન મંજુર કરેલ દલીલને માનસહ હાલની આ ઓથોરીટી મદદરૂપ બને છે.

## (૩) ૨૦૧૭ (૦) એ.આઈ.જે.–એચ.પી. ૭૧૯૩૯૮

**સીંઘવરામ વિ. બલબીરસીંગ**ના ચુકાદામાં સી.પી.સી. ઓર્ડર–૮, રૂલ–૧/એ(૩) તથા કલમ–૧૫૧, વધારાના દસ્તાવેજો રજુ કરવા માટે કોર્ટની પરવાનગી અને વિવેકાધિન સત્તા અંગે કાયદાના પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંત સાથે આ અદાલત સહમત છે. પરંતુ ચુકાદામાંના કેસમાંની હકીકત અને હાલના હાથ ઉપરના કેસમાંની હકીકત સુસંગત જણાય છે. જેથી રીવીઝન મંજુર કરેલ દલીલને માનસહ હાલની આ ઓથોરીટી મદદરૂપ થાય છે.

## **-: હુકમ :-**

(૧) હાલની રીવીઝન અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે અને આથી મજુર અદાલત સુરતનાએ મુળ ટી. અરજી નં.૫૮૦/૧૩ માં આંક-૧૫ નો કરેલ હુકમ સેટએસાઈડ કરી હાલના અરજદારે ફરીથી મજુર અદાલત, સુરત સમક્ષ તા.૧૦/૩/૨૩ ના રોજ દસ્તવોજો રજુ કરવાની પરવાનગી અરજી અને દસ્તાવેજોનું લીસ્ટ રજુ કર્યેથી ન્યાયના હિતમાં સબબ પરવાનગી એ મુળ ટી. અરજીના અરજદારને આ દસ્તાવેજી પુરાવાઓ અંગે જે કોઈ પુરાવા આપવા હોય તે તથા મુળ ટી.અરજીનો સામાવાળાએ જે મૌખિક પુરાવો કરેલ હોય તેમાં આ દસ્તાવેજો સંબંધે ઉલટતપાસ કરવાનો હકક અબાધિત રાખી પરવાનગી અરજીનો યોગ્ય, ન્યાયીક નિર્ણય કરવો અને આ કેસનું રેકર્ડ જોતા ૧૦ વર્ષ જુનું કામ હોય મુળ ટી. અરજીના બંને પક્ષકારોએ સબબ કામ વહેલી તકે ચલાવવા મજુર અદાલત, સુરતને સહકાર આપવા હુકમ કરવામાં આવે છે.

(૨) અધિક્ષકશ્રીએ મુળ ટી. અરજી નં.૫૮૦/૧૩ ના કામેનું અસલ રેકર્ડ તાત્કાલિક પરત મોકલી સાથે આ અરજીના હુકમની એક નકલ મજુર અદાલત, સુરતને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૪) હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં લખી વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સુરત.
તા.૦૪/૦૩/૨૦૨૩

(એમ.એફ. મંડલી)
જી.જે.૦૦૪૦૮
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
સુરત.